# દેશના ‘GDP’ને લઈને કેમ ઝોલ છે?

“ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ’[GDP] અંગે ચાલી રહેલું ઘમાસાણ જોર પર છે. સરકાર, સરકારના ટીકાકારો ઉપરાંત અર્થશાસ્ત્રીઓના અલગ-અલગ નિવેદનો આપી રહ્યા છે. આ મુદ્દાની શરૂઆત ત્યારે થઈ જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક વિડિયો બનાવીને એવું કહ્યું કે દેશ આર્થિક માર્ગે ગતિ કરી રહ્યો છે. એટલું જ નહીં વડા પ્રધાન પોતાના પોસ્ટમાં એવો પણ દાવો કર્યો કે ક્રૂડ ઓઈલની ઊથલપાથલ, સપ્લાય ચેઈનમાં પડકાર અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ દેશનું પ્રદર્શન સારું રહ્યું છે. જોકે જ્યારે આ આંકડો આવ્યો ત્યારે તેની સાથે સાથે દેશમાં બેરોજગારીનો દર, વધતી મોંઘવારી અને વિદેશમાંથી આવેલું રોકાણ જે રીતે પાછું ખેંચાઈ રહ્યું છે તેને લઈને સૌ કોઈ સરકારના આંકડા પર આશંકા દર્શાવી રહ્યા છે. સ્વાભાવિક છે કે સરકાર જ્યારે ચિત્ર ગુલાબી બતાવે ત્યારે વિપક્ષ તો જમીની સ્તર પર જે સ્થિતિ છે - તે સરકારને યાદ કરાવે. વિપક્ષના તમામ પક્ષોએ આ વૃદ્ધિદરનો વિરોધ કર્યો. જોકે અર્થશાસ્ત્રની બાબતમાં જ્યાં સુધી માંડીને વાત ન થાય ત્યાં સુધી સામાન્ય જન સુધી તે વાત સ્પષ્ટતાથી પહોંચી નહીં, એટલે વિપક્ષના ‘GDP’ના આંકડાના વિરોધ છતાં લોકોએ તે તરફ ધ્યાન ન આપ્યું. પરંતુ જ્યારે મોદી સરકારના બીજા કાર્યકાળમાં નાણાં સચિવ રહેનારા સુભાષચંદ્ર ગર્ગે તેના પર પ્રશ્ન ઊઠાવ્યા તો તેના પર સૌની નજર ગઈ.

સુભાષચંદ્ર ગર્ગે સ્પષ્ટતાથી કહ્યું કે દેશની 7.8 ટકા ‘GDP’ ખરેખર ભ્રામક હોઈ શકે છે. સુભાષચંદ્રએ કહ્યું અને તે ધ્યાને લેવું જોઈએ તેનું કારણ સુભાષચંદ્ર ગર્ગ એક કાબેલ અફસર રહ્યા છે. 1983ના રાજસ્થાન કેડરના ‘IAS’ બનનારા સુભાષચંદ્ર ગર્ગ સરકારના અનેક નાણાં વિભાગોના સેક્રેટરી રહી ચૂક્યા છે. દેશની કેબિનેટની કમિટી દ્વારા તેઓને વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરના પદે નિમણૂક કરવામાં આવી હતી. 2019માં તેઓ છ મહિના સુધી નાણાં મંત્રાલયમાં સેક્રેટરીના પદે રહ્યા હતા. નાણાં વિભાગ સાથે તેમણે પોતાના કારકિર્દીમાં અનેક વખત કામ કરવાનું આવ્યું અને તેથી તેઓને ખ્યાલ છે કે સરકાર આંકડામાં ક્યાંક ઘાલમેલ કરી શકે છે. આ ઘાલમેલ વિશે સુભાષચંદ્ર ગર્ગ બોલ્યા છે અને તેમણે કહ્યું છે કે, આ વર્ષે દાખવવામાં આવેલા ‘GDP’ને પાછલા વર્ષના ‘GDP’ અને વિવિધ ક્ષેત્રોના આંકડાને ખૂબ ઓછા આંકવામાં આવ્યા છે, જેના કારણે આ વર્ષનો ‘GDP’ વધુ દેખાય છે. ‘GDP’ને લઈને થતાં આ દાવાના સમાંતરે એ પણ સમજી લઈએ કે તેનો અર્થ શું થાય છે. તે સરળ ભાષામાં સમજીએ તો કોઈ ચોક્કસ સમયગાળા દરમિયાન દેશમાં ઉત્પાદિત થતાં માલ અને સેવાઓનું કુલ નાણાંકીય મૂલ્ય. ‘GDP’ દ્વારા દેશના અર્થતંત્રના આકલનનો એક શિરસ્તો પડ્યો છે અને તેથી સરકાર પોતાનું પર્ફોમન્સ સારું દાખવવા આંકડા સાથે ઘાલમેલ કરતી હોય છે.




**જેમની પાસે મૂડી છે તેમની પાસે જ વધુ નાણાં પહોંચી રહ્યા છે અને દેશનો મોટો વર્ગ - જેમાં સામાન્ય લોકો, ખેડૂતો અને મજૂર વર્ગ આવે છે- તેમને કોઈ વૃદ્ધિનો લાભ મળતો નથી**

**પગરવ**

★ પ્રશસ્ત પંડયા

નાણાં વિભાગના સેક્રેટરી તરીકે સુભાષચંદ્ર ગર્ગ જે કહી રહ્યા છે તેમાં વધુ તથ્ય છે - તેનો ખ્યાલ ‘બીબીસી’માં વરિષ્ઠ બિઝનેસ પત્રકાર આલોક જોશીએ જે રીતે ‘GDP’ની વાત સમજાવી છે - તેના પરથી આવી શકે. તેઓ કહે છે કે, વિવાદનું મુખ્ય કારણ ‘GDP’ની સરખામણીનો આધાર આધાર વર્ષના આંકડાને લઈને છે. ‘GDP’માં જે આકલન થાય છે તેમાં ગુડ્સ અને સર્વિસ તો છે જ; બલકે આયાત-નિકાસને પણ જોડવામાં આવે છે. હવે આનો અર્થ એમ થાય છે કે જો આપણે દેશ તરીકે એમ કહીએ કે ‘GDP’નો વૃદ્ધિ દર 7.8 ટકા રહ્યો છે - તો તેનો મતલબ એવો થાય કે ગત વર્ષે શરૂઆતના ત્રણ મહિનાના દેશનું કુલ આર્થિક ઉત્પાદનથી આ વર્ષનું કુલ આર્થિક ઉત્પાદન 7.8 ટકા વધુ રહ્યું છે. હવે જો ગયા વર્ષના આધારે આરંભના ત્રણ મહિનાના આંકડાને તપાસીએ તો તેમાં ‘GDP’નો આંકડો 86.05 ટ્રિલિયન હતો. અને આ વર્ષે તે જ ગાળામાં આ આંકડો 88 ટ્રિલિયન દાખવવામાં આવ્યો છે. એ રીતે જોઈએ તો ‘GDP’નો ગ્રોથ ત્રણ ટકાથી પણ ઓછો થાય છે. પરંતુ હવે સરકારે આમાં ઘાલમેલ ગયા વર્ષના 86.05 ટ્રિલિયનનો આંકડો 80 દાખવીને કર્યો છે. હવે ગયા વર્ષ સાથે સરખામણી કરીએ તો આ વર્ષે આપણી ‘GDP’ વધુ દેખાય છે.

હવે સરકાર તરફથી એવી દલીલ થઈ રહી છે કે આધાર વર્ષ ગણવાની પદ્ધતિ બદલાઈ ચૂકી છે, અને તે પ્રમાણે વૃદ્ધિ દર જાહેર થયો છે તે યોગ્ય આંકડો છે. બીજી તરફ દેશના પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણિયમનું કહેવું છે કે જે પદ્ધતિ બદલાઈ છે તે અંગે સરકારે જાહેરમાં પૂરતી માહિતી આપી નથી. માહિતી ગુપ્ત રાખવા અંગે આ સરકાર ખાસ્સી બદનામ થઈ ચૂકી છે અને તે વિશે સુભાષચંદ્ર ગર્ગ તો એટલે સુધી કહે છે કે, ગત વર્ષના મુકાબલે માત્ર બે કે ત્રણ સેક્ટરમાં જ વૃદ્ધિ થઈ છે - જેમ કે, ખેતી અને ખનન. બીજું કે મેન્યુફેક્ચરિંગ તો ઓછું થયું છે.

દેશના અન્ય જાણીતા અર્થશાસ્ત્રીઓનો મત પણ સરકારના આંકડાથી અલગ છે. જેમ કે અર્થશાસ્ત્રી અરુણ કુમાર તો વર્તમાન સરકારના ‘GDP’ના વૃદ્ધિ દરના આંકડાનો ગત વર્ષે પણ વિરોધ કરી ચૂક્યા છે. તેઓ કહે છે કે, દેશમાં અંદાજે 94 ટકા કર્મચારીઓ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. જ્યારે ત્રણ મહિનાના ઉત્પાદનનો અંદાજો લગાવવા અર્થે નિયમિત સંકેત, જેમ કે વિમાની ક્ષેત્રનું ટ્રાન્સપોર્ટેશન, વાહનોનું વેચાણ અને માલ આયાત થાય તેની આવકને દર્શાવે- તેવા સંગઠિત ક્ષેત્ર છે. તેમની દલીલ એવી છે કે સંગઠિત ક્ષેત્રનો વ્યાપ વધી રહ્યો છે, પરંતુ તેની સામે અસંગઠિત ક્ષેત્રના આંકડાનો અંદાજ લગાવીને અર્થવ્યવસ્થાનો ખોટો અંદાજો મૂકવામાં આવે છે.

આ પૂરા મુદ્દાને લઈને અર્થશાસ્ત્રીઓ વચ્ચે મતમતાંતર હોવા છતાં, તેઓ એક બાબતે તો સૂર પૂરાવે છે કે સરકાર જે આંકડા ‘GDP’ના નામે દર્શાવ્યા છે તે ઘાલમેલ વિનાના નથી. ‘યુનિવર્સિટી ઑફ મેસાચુસેટ્સ’- એમહર્સ્ટના અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપક ડૉ. જયતિ ઘોષ સૌથી પહેલાં તો એ સ્પષ્ટ કરે છે કે ‘GDP’ના આંકડાને દેશના વૃદ્ધિ દરનું અંતિમ સત્ય માની ન શકાય. તે માટેના કારણો મૂકતા તેઓ કહે છે કે, આ આંકડા આરંભની માહિતીથી એકઠી થયેલી વિગતોના આધારે અનુમાનિત હોય છે. આ આંકડાને ‘ક્વિક એસ્ટિમેટ’ પણ કહી શકાય, જે પછીથી સુધારવામાં આવે છે. સાચો આંકડો આવે તે પહેલા તો પાંચ-છ વાર તેમાં સુધારો થાય છે અને હાલમાં કોઈ નિશ્ચિત રીતે ન કહી શકે કે ‘GDP’ કેટલો રહેશે.

તેઓ ‘GDP’ સંદર્ભે એમ પણ કહે છે કે જ્યારે જ્યારે ‘GDP’નો દર ખરેખર વધ્યો છે ત્યારે દેશના માહોલમાં તેની અસર દેખાય છે. શ્રમિક અને નિયમિત રીતે મજૂરી કરનારા વર્ગના લોકોની પણ આવક વધે છે. જોકે આ કિસ્સામાં એવું થયું નથી. તેમનું માનવું એવું છે કે ભારતમાં એ સ્પષ્ટ છે કે જેટલી પણ ‘GDP’માં વૃદ્ધિ થઈ છે, તેનો લાભ શ્રીમંતોને વધુ મળ્યો છે. વૃદ્ધિ દરની વહેંચણી સમાનતાથી ભારતમાં થઈ નથી. જેમની પાસે મૂડી છે તેમની પાસે જ વધુ નાણાં પહોંચી રહ્યા છે અને દેશનો મોટો વર્ગ - જેમાં સામાન્ય લોકો, ખેડૂતો અને મજૂર વર્ગ આવે છે- તેમને કોઈ વૃદ્ધિનો લાભ મળતો નથી. ડૉ. જયતિ ઘોષ તો દેશની અર્થવ્યવસ્થાને નાજુક ગણાવી રહ્યા છે અને દુનિયાભરના રોકાણકારો પણ તે સમજી ચૂક્યા છે. હાલમાં ઉદ્યોગપતિઓ પણ દેશમાં રોકાણ કરી રહ્યા નથી. તેમને એવું લાગે છે કે દેશમાં પૂરતી માંગ નથી. બધા અર્થશાસ્ત્રીઓ દેશની આર્થિક સ્થિતિને લઈને ચિંતા વ્યક્ત કરે છે. એક સમયે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નીતિઓનો બચાવ કરનારા સુરજિત ભલ્લાએ પણ વર્તમાન એનડીએ સરકારની આર્થિક મુદ્દે ટીકા કરી હતી. તેઓ કહે છે કે, ‘આર્થિક અવ્યવસ્થા અર્થે ચાર મુખ્ય કારણો છે. પ્રથમ અને સૌથી અગત્યનું તે સરકાર. સરકાર સમસ્યાને ઓળખે છે જરૂર; પરંતુ સંકટ સમયે જવાબદારી સ્વીકારવાના બદલે અન્ય પર દોષ નાંખે છે. બીજા ઘટક ઉદ્યોગપતિઓ છે. ત્રીજું પાસું કૉંગ્રેસ પાર્ટી છે - જે ગાંધી પરિવારના નેતૃત્વમાં એટલી સંતુષ્ટ અને નિષ્ક્રિય થઈ ચૂકી છે કે દેશમાં ભાજપની એકપક્ષીય લોકશાહી વ્યવસ્થાનો માર્ગ મોકળો બની ચૂક્યો છે. અને ચોથું પાસું ડીપ સ્ટેટ. જેને ઉપરના ત્રણેયના પાછળ રહેલા કન્ટ્રોલિંગ પાવરની જેમ જોવામાં આવે છે. આ સંકટ વધી એટલા માટે રહ્યું છે કારણ કે દેશની અર્થવ્યવસ્થાનો ખોટો પ્રચાર થઈ રહ્યો છે કે દેશની આર્થિક સ્થિતિ ખૂબ સારી છે.’

